# શહેરમાં ડોર ટુ ડોર અભિયાનથી ધમધમાટ

## કોંગ્રેસ અને ભાજપ લગોલગ પ્રચાર ઝુંબેશમાં ચાલે છે, કાર્યકરોની ખેંચતાણ બન્ને પક્ષે વર્તાઈ રહી છે : કાર્યાલયો રાત્રે કાર્યકરોથી છલકાય છે

**મહાનગરનો મહાસંગ્રામ**
**- સંજય દૃષ્ટિ**

શહેરમાં આજકાલ ૧૦૮ મહાનુભાવો ઘેર ઘેર ફરે છે. મત માંગવા. એનુ રૂપાળુ નામ છે 'ડોર ટુ ડોર' એમાં ૮૦ મહાનુભાવો ખેસ પહેરીને ફરે છે. સમર્થકોના ટોળા સાથે ફરે છે અને સવારથી મોડી રાત સુધી ફરે છે. હા... જી... આ વાત આપણા ગાંધીનગરની છે. મહાનગરના મહા સંગ્રામની છે. ૧૦૮ સૈનિકો મેદાનમાં ઉતર્યા છે. ૩૨ બેઠકોના રસાકસીભર્યા જંગમાં જીતવા માટે મતદારોનો સંપર્ક માટે ડોર ટુ ડોર અભિયાન જોરશોરથી આરંભાયુ છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોની પેનલો સમુહમાં કાર્યકરોના જૂથ સાથે ઘરે ઘરે ફરે છે. વોર્ડ નં. ૮માં બન્ને પક્ષોની પેનલે સેક્ટર-૨નો રાઉન્ડ લગભગ પુરો કર્યો. તો વોર્ડ નં. ૭માં કોંગ્રેસે ગઈકાલથી અને ભાજપે આજથી ડોર ટુ ડોર અભિયાન શરૂ કર્યું. વોર્ડ નં. ૬માં કોંગ્રેસ અને ભાજપ બન્ને બુધવારથી જ ધામધુમથી અભિયાન છેડ્યું છે. વોર્ડ નં. ૫માં કોંગ્રેસ અને ભાજપ બન્ને લગભગ ૩-૩ સેક્ટરો ખુંદી વળ્યા છે. વોર્ડ નં. ૪માં કોંગ્રેસ અને ભાજપે સે. ૨૪ને ટાર્ગેટ બનાવ્યું છે. શહેરના હાર્દ સમા વોર્ડ નં. ૩માં ૨૧ અને ૨૨ સેક્ટરોમાં બન્ને પક્ષોનો ધમધમાટ જોવા મળે છે. વોર્ડ નં. ૨માં ગ્રામીણ વિસ્તારોનું પ્રભુત્વ હોવાથી મોરચો ઈન્દ્રોડા, પાલજ, બોરીજમાં મંડાયો છે. જ્યારે વોર્ડ નં. ૧ ૩ દિવસથી બન્ને પક્ષોના કાર્યાલયો ઉભરાય છે. સંપર્ક અભિયાન ગુરૂવારથી આરંભાયું છે.

દરેક વોર્ડમાં ચૂંટણી પ્રચારના મધ્યસ્થ કાર્યાલયો શરૂ થઈ ગયા છે. ચા-શરબત-નાસ્તાની ગોઠવણો થઈ છે. દિવસે ખાલીખમ લાગતા કાર્યાલયો રાત્રે કાર્યકરોથી ઉભરાય છે. કાર્યાલયોના ઉદ્‌ઘાટન કાર્યક્રમો ભાજપ દ્વારા યોજાઈ રહ્યા છે. ભાજપના અગ્રણીઓ ઉદ્‌ઘાટન પ્રસંગે ભાષણો પણ આપે છે અને શહેર ગાજતુ બની ગયું છે. ભાજપના અગ્રણીઓ રમીલાબેન બારા, શબ્દશરણ બ્રહ્મભટ્ટ, વાડીભાઈ પટેલ, આશિષભાઈ દવે, અશોકભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ દાસ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. દરેક વોર્ડમાં ઉમેદવારો સાથે બેસીને વ્યૂહરચનાનું માર્ગદર્શન આપે છે. હજુ આવનારા દિવસોમાં ધારાસભ્યો, મંત્રીઓ પ્રચાર અભિયાનમાં જોડાશે એટલે પ્રચારમાં વધુ તેજી આવશે. ઘર પર અને દુકાનો પર ઝંડાઓ લગાવવાની વાત કેટલીક જગ્યાએ વિવાદી પણ બની હતી. આમ છતાં હજી ઘર્ષણ વિના પ્રચાર ચાલે છે એ સારી વાત છે. કોંગ્રેસ પણ આક્રમક રીતે ઝુંબેશ ચલાવી રહ્યું છે. શહેરના સમાવિષ્ટ ગામોમાં કોંગ્રેસનું પ્રચારી અભિયાન ચાલી રહ્યું છે. શહેરમાં પણ ભાજપની લગોલગ અભિયાન ચાલી રહ્યું છે. કોંગ્રેસના અગ્રણીઓ નિશીતભાઈ વ્યાસ, સૂર્યસિંહ ડાભી, ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, કૌશિકભાઈ શાહ અને જશુભા રાણા પ્રચાર અભિયાનમાં માર્ગદર્શન આપી રહ્યા છે.

બન્ને પક્ષોના સેનાનીઓ વ્યૂહાત્મક રીતે સેનાને જંગમાં ઉતારે છે. ડોર ટુ ડોર અભિયાન હજુ ત્રણ દિવસ ચાલશે તેવુ બન્ને પક્ષોના આગેવાનોનું માનવુ છે. ત્યાર બાદ રાત્રી સભાઓ અને જાહેર સભાનું આયોજન થશે. જાહેર સભાઓનું શક્તિ પ્રદર્શન થશે. સેક્ટર વાઈઝ રેલીઓ થશે અને વાતાવરણની ગરમીમાં વધુ ગરમી ઉમેરાશે. ઘેર ઘેર ફરતા ઉમેદવારો પરસેવે રેબઝેબ થાય છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આપણે તો રોજ... આઈ.પી.એલ... ઇન્ડીયન પાની લીગ... વીસ કીલો મીટર પાણી ભરવા જવાનું રોજ...!!**

## વણકર સમાજ દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ

નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે આજે સવારે ૯.૦૦ કલાકે પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. જેમાં ડૉ. આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરાયા હતા. આ પ્રસંગે સમાજના દશરથલાલ પરમાર, શીરીષ મકવાણા, જી.કે. રાઠોડ, અમૃતલાલ જાદવ, અમીત રાઠોડ, જી.કે. પરમાર, ડી.જી. સોલંકી, પરેશ સોલંકી તેમજ મહેશ ગોહિલ સહિતના હોદ્દેદારો હાજર રહ્યા હતા.





ડોર ટુ ડોર : કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષો છેલ્લા બે દિવસથી મતદાન સંપર્ક અભિયાન ભારે ઉલ્લાસપૂર્વક ચલાવી રહ્યા છે. ડોર ટુ ડોર સંપર્કમાં સેક્ટર-૨૪માં કોંગ્રેસની યાત્રા અને કાર્યાલયનું ઉદ્‌ઘાટન થયું હતું. જ્યારે સેક્ટર-૨૨માં ભાજપના ઉમેદવારો સાથે ધારાસભ્ય પણ ડોર ટુ ડોર અભિયાનમાં જોડાયા હતા. રંગ જામતો જાય છે, જંગ જામતો જાય છે...

## આજથી આત્મન્ અભિવ્યક્ત બાળ શિબિર શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૪

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષ વેકેશનના સમયમાં ત્રિદિવસીય અભિવ્યક્તિ બાળ શિબિર યોજવામાં આવે છે. આ શિબિર તા. ૧૫, ૧૬, ૧૭ એપ્રિલના રોજ યોજાનાર છે. શિબિરનો સમય સવારના ૯.૩૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધીનો રહેશે. તદન ખુલ્લા-નૈસર્ગિક વાતાવરણ એવા જવાહરલાલ નહેરુ સરકારી વનૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, ગાંધીનગર ખાતે આ શિબિર યોજાશે.

શિબિર દરમ્યાન બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે, બ્રિધિંગ એક્સરસાઈઝ, બાળગીત, ચિત્રકામ-ક્રાફટ, નાટક-અભિનય, વિજ્ઞાનના પ્રયોગો, વાર્તા, મેમરી ગેમ વગેરે કરાવવામાં આવશે. એક પ્રકારે અનૌપચારિક શિક્ષણ-સંસ્કારની વાતો સાથે વિવિધ રચનાત્મક બાબતોમાં બાળકો રસ લે, સહજીવનના પાઠ શીખીને માણે તે હેતુથી સંસ્થા દ્વારા આ શિબિર દર વર્ષે યોજવામાં આવે છે એમ સંસ્થાના પ્રમુખ સી.એલ. મહેતા તથા સંસ્થા સહયોગીઓ સર્વશ્રી પ્રજ્ઞા પટેલ, જયશ્રી ખેતિયા, સંજય થોરાત, તુષાર દવે, સુધા શુકલ, જગત કારાણી વગેરેએ જણાવ્યું છે.

## લકઝરીની અડફેટે બાઈકચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ પર લવારપુર પાટીયા પાસે આજે સમી સાંજે બાઈક અને લકઝરી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાંદખેડાના બાઈક ચાલક ૩૬ વર્ષિય યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. ડભોડા પોલીસે લકઝરીચાલક સામે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદ ચાંદખેડા વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષિય મહેન્દ્રસિંહ અજીતસિંહ વાઘેલા પોતાનું બાઈક નં. જીજે૧૮.સી.સી.૯૩૩૭ લઈને સાણોદા સ્થિત તેમની સાસરીમાં ગયા હતા. આજે સાંજે પાંચેક વાગ્યાના અરસામાં બાઈક લઈને તેઓ નેશનલ હાઈવે નં. ૮ પરથી પરત ચાંદખેડા જવા નિકળ્યા હતા તે દરમ્યાન લવારપુર પાટીયા પાસે તેમણે અકસ્માત નડ્યો હતો. બેફામ ગતિએ સામેથી આવતી લકઝરી નં. જીજે.૧૮.યુ.૯૯૦૨ના ચાલકે બાઈકને જબરદસ્ત ટક્કર મારતા બાઈક સાથે ચાલક મહેન્દ્રસિંહ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા અને ઘટનાસ્થળે જ તેમનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. ડભોડા પોલીસમથકના જમાદાર વનરાજસિંહે લકઝરી ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ધ હેલ્પીંગ હેન્ડ ગૃપ દ્વારા લીમડાના રસનું વિતરણ

શહરમાં વસતા નાગરિકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને સ્વચ્છતા પણ જળવાઈ રહે તે હેતુસર આજે લીમડાના મોરના રસનું વિતરણ 'ધી હેલ્પીંગ હેન્ડ ગૃપ'ના પ્રણવ મોદી, હર્ષ ચૌહાણ તથા તેમની ટીમના સભ્યોએ કર્યું હતું. સ્વર્ણિમ પાર્ક ખાતે આ યુવાનોએ સવારે ૬.૩૦ થી ૮.૦૦ વાગ્યાના ગાળામાં સવારમાં ચાલતા જતા નાગરિકોને મોરનો રસ પીવડાવી તથા બાજુમાં 'અહીં લીમડાના મોરનો રસ મળશે' 'સ્વસ્થ રહો, સ્વચ્છ રહો' જેવા બેનર્સ પણ લગાડયા હતા. લીમડાનો રસ આર્યુવેદિક છે. ઉનાળામાં ૨, ૪, કે પછી ૧૦ દિવસ રોજ સવારમાં નયણા કોઠે લીમડાનું રસનું સેવન કરવામાં આવે તો આખું વર્ષ બિમારીમાંથી મુકિત મળે છે.

## ગુજરાત અર્બન કો. ઓપરેટિવ બેંક્સ ફેડરેશનના ચેરમેન જ્યોતિન્દ્ર મહેતાનું સન્માન

ગુજરાત અર્બન કો. ઓપરેટિવ બેંક્સ ફેડરેશનના ચેરમેન તરીકે છેલ્લા ૧૦ વર્ષથી કાર્યરત અને સહકાર ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ જ્યોતિન્દ્ર મહેતા નેશનલ કો. ઓપરેટિવ બેન્કસ અને ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ચેરમેન પદે ચૂંટાઈ આવ્યા છે. જેથી તેમને સન્માનિત કરવા માટે ગુજરાત સ્ટેટ કો. ઓપરેટિવ બેન્ક લી. અમદાવાદ, સહકાર ભારતી, ગુજરાત અને ગુજરાત અર્બન કો. ઓપરેટિવ બેન્કસ ફેડરેશનના ઉપક્રમે આજે અમદાવાદમાં જાહેર સન્માન કાર્યક્રમ યોજાયો હતો.

આ સમારંભના અધ્યક્ષ તરીકે ગુજરાત રાજ્યના ગવર્નર ઓ.પી. કોહલી ઉપસ્થિત રહ્યા હતા અને જ્યોતિન્દ્ર મહેતાનું સન્માન કરી ચેરમેન બનવા માટે શુભેચ્છા આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બીજેપીના ગુજરાત પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી તથા ગુજરાત સ્ટેટ કો. ઓપર. બેન્ક અમદાવાદના ચેરમેન અજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે સહકાર ભારતીના રાષ્ટ્રીય સંરક્ષક સતીષજી મરાઠે તથા કાલુપુર કો. ઓપ. બેન્ક અમદાવાદના અંબુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



## સરગાસણ ચોકડી પાસે થયેલા ફાયરીંગના ગુનાનો ભેદ ઉકેલાયો

**રેન્જ આઈજીપીની આર.આર.સેલ એ પ્રકાશ ચીનાના સાગરીતની ધરપકડ કરી : બાઈક સાથે ફાયરીંગ પ્રકરણના સાગરીતને પકડી પડાયો : પ્રકાશ ચીના હજુ ફરાર**

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં ચકચાર મચાવી દેનારી ઘટના સરગાસણ ચોકડી પાસેના ફાયરીંગ પ્રકરણમાં ગાંધીનગર રેન્જ આઈજીપીની આર.આર. સેલે એક સાગરીતની ધરપકડ કરી લીધી છે. પ્રકાસ ચીના એ ફાયરીંગ કર્યું હતું અને આ પકડાયેલો શખ્સ તે દિવસે બાઈક ચલાવી રહ્યો હતો. પલ્સર બાઈક સાથે આ સાગરીતની ઈન્દ્રોડા સર્કલ પાસેથી ધરપકડ કરી સે-૭ પોલીસને સોંપવામાં આવ્યો છે. હજુ પ્રકાશ ફરાર છે. પકડાયેલો જયેશ પટેલ પ્રકાશના દોઢ મહિના પહેલાના અપહરણ ખંડણીના ગુનામાં પણ સાથે હતો. પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

રેન્જ આઈજીપી મનોજ શસીયરની સુચનાને આધારે આર.આર. સેલના પીએસઆઈ વિરલ પટેલ તથા તેમની ટીમના વિષ્ણુસિંહ, જોગીન્દરસિંહ સહીતના માણસો સરગાસણ ફાયરીંગના ચકચારી ગુનામાં આરોપીઓ સુધી પહોંચવા કવાયત કરી રહ્યા હતા. દરમિયાન ગઈ મોડી સાંજે ચ-૦ સર્કલ પાસેથી કોલવડાના જયેશ મફત પટેલને પકડી પાડી આ ગુનાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. જયેશ ફાયરીંગના ગુનામાં પ્રકાશની સાથે હતો. લાલ પલ્સર બાઈક નં. જીજે ૧૮ એ એસ ૧૭૭૭ લઈને પ્રકાશ અને જયેશ સાથે નીકળ્યા હતા અને જીજ્ઞેશની હત્યાના ઈરાદે ફોર્ચ્યુનર

● અનુસંધાન પાના ૭ પર

### પોતાના ભાઈ સામે જીજ્ઞેશે કરેલી ફરિયાદને કારણે પ્રકાશે ફાયરીંગ કર્યું...!

સગા ભાઈ અને બહેનની સગાઈ જીજ્ઞેશે કરેલી ફરીયાદને કારણે તુટી જતાં પ્રકાશના ટાર્ગેટ પર જીજ્ઞેશ હોવાનું જયેશનું નિવેદન દોઢેક માસ પહેલા જીજ્ઞેશનું અપહરણ કરીને પ્રકાશ ચીનાએ ખંડણી માંગી હતી. આ પ્રકરણમાં જીજ્ઞેશે પોલીસ પરિયાદ કરી હતી. આ ફરિયાદમાં તેના સગા ભાઈ નિમેષનું પણ નામ ઉમેરાતા પ્રકાશે જીજ્ઞેશને ફરિયાદ પાછી લેવા કહ્યું હતું. પરંતુ જીજ્ઞેશ માન્યો નહી અને પ્રકાશનો ભાઈ જેલમાં ગયો..! નિમેષના ૧૭મી તારીખે લગ્ન હતા પરંતુ તે જેલમાં જતા લગ્ન પણ રદ થયા અને સગાઈ પણ તુટી ગઈ તે ઉપરાંત તેની બહેનની સગાઈ પણ તુટી ગઈ હોવાથી જીજ્ઞેશનું મર્ડર કરવાનો પ્રકાશ ચીનાએ મનોમન ગાંઠ બાંધી દીધી હતી તે કારણોસર ફોર્ચ્યુનરમાં જીજ્ઞેશ બેઠો હોવાનું સમજીને પ્રકાશે ફાયરીંગ કર્યું હોવાની કેફીયત જયેશ આપી રહ્યો છે.



## બોરીજ ગામના ૨૦૦થી વધુ લોકો ભાજપમાં જોડાયા

ગાંધીનગર મહાનગરની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભારતી જનતા પાર્ટીમાં વોર્ડ નં. ૨માં સમાવિષ્ટ બોરીજ ગામના ૨૦૦થી વધુ લોકોએ આજે ભાજપનો ખેસ પહેરી લીધો છે. બોરીજ ગામના અગ્રણીશ્રી રાજુભાઈ ઠાકોર તથા શ્રી રોહીતભાઈ બારોટની આગેવાનીમાં બોરીજના ૨૦)થી વધુ ગ્રામજનોએ ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ કર્યો છે. સેકટર-૨૧ ખાતેના કાર્યાલય 'કમલમ્' ખાતે ભારતીય જનતા પાર્ટીના આગેવાન તથા જાણીતા ગુજરાતી ફિલ્મના કલાકાર શ્રી નરેશ કનોડીયાએ તેમને ખેસ પહેરાવી આવકાર્યા હતા. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ તથા ગાંધીનગરના પ્રભારી શ્રીમતી રમીલાબેન બારા, પ્રદેશ મંત્રી તથા ગાંધીનગર વોર્ડ-૨ના પ્રભારી શ્રી પ્રદિપસિંહ, પ્રદેશ મંત્રી તથા ગાંધીનગર જિલ્લાના પ્રભારી શ્રી રમણજી સોલંકી તથા ગાંધીનગર મહાનગરના અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ દાસ ઉપસ્થિત રહ્યા હતા.

## આજથી એનઆઈડી ખાતે 'મહારાનીઝ ઑફ રૉયલ ઈન્ડિયા' ફોટોગ્રાફી પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન સંસ્થા ખાતે 'મહારાનીઝ ઑફ રૉયલ ઈન્ડિયા' વિષયે ફોટોગ્રાફી પ્રદર્શન યોજવામાં આવ્યું છે. ઉદ્‌ઘાટન તા. ૧૫મી એપ્રિલ શુક્રવારે સાંજે ૫.૩૦ કલાકે એનઆઈડીના પીજી કેમ્પસની ડિઝાઈન ગેલેરી ખાતે કરાશે. પ્રદર્શનમાં ભારતના ઈતિહાસની રાજવી મહિલાઓની દુર્લભ તસવીરો પ્રદર્શિત કરાશે. પ્રદર્શનમાં બેંગલોરના મ્યુઝિયમ ઓફ આર્ટ એન્ડ ફોટોગ્રાફી, વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ, લંડનની નેશનલ મોરૂટે ગેલેરી, જમ્મુના અમર મહલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરીના સંગ્રહિત ફોટોગ્રાફ પ્રદર્શિત કરાશે.





(તસવીર : કશ્યપ નિમાવત)





## શહેરમાં આંબેડકર જયંતિ ધામધમથી ઉજવાઈ

આંબેડર અમર રહો... : ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવા સોમી જન્મ જયંતિ નિમિત્તે વહેલી સવારથી જ અગ્રણીઓ અને નાગરિકો પુષ્પાંજલિ માટે ઉમટ્યા હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે વિવિધ રાજકીય પક્ષના આગેવાનો, સામાજિક સંગઠનો તથા દલિત સમાજના સંગઠનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. આંબેડકર જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તેમાં કિસાન રેલીનું પણ આયોજન કરાયું હતું.